# ઓનલાઈન સટ્ટાબાજી: સરકારે 300 ગેરકાયદેસર વેબસાઈટ્સ અને એપ્સ બ્લોક કરી

નવી દિલ્હી, તા. 20 (પીટીઆઈ): દેશમાં ગેરકાયદેસર જુગાર અને સટ્ટાબાજીની પ્રવૃત્તિઓ ડામવા માટે સરકારે એક મોટું પગલું ભરતા 300 જેટલી વેબસાઈટ્સ અને એપ્લિકેશન્સને બ્લોક કરી દીધી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, આ યાદીમાં ઓનલાઈન સ્પોર્ટ્સ બેટિંગ પ્લેટફોર્મ્સ, ઓનલાઈન કેસિનો, સ્લોટ્સ, સટ્ટા/મટકા નેટવર્ક્સ અને રિયલ-મની કાર્ડ ગેમ્સનો સમાવેશ થાય છે. અત્યાર સુધીમાં આવી કુલ 8,400 જેટલી વેબસાઈટ્સ બ્લોક કરવામાં આવી છે, જેમાંથી 4,900 જેટલી તો 'ઓનલાઈન ગેમિંગ એક્ટ' પસાર થયા બાદ બ્લોક કરાઈ છે. સરકારે સુરક્ષિત અને જવાબદાર ગેમિંગ ઈકોસિસ્ટમ સુનિશ્ચિત કરવા માટે 'પ્રમોશન એન્ડ રેગ્યુલેશન ઓફ ઓનલાઈન ગેમિંગ એક્ટ, 2025' લાગુ કર્યો છે. આ કાયદા હેઠળ તમામ પ્રકારની ઓનલાઈન મની ગેમ્સ, પછી તે નસીબ આધારિત હોય કે કૌશલ્ય આધારિત, તેના પર સંપૂર્ણ પ્રતિબંધ છે. આમાં આવી રમતોની જાહેરાત કે બેંકો અથવા પેમેન્ટ સિસ્ટમ દ્વારા આર્થિક વ્યવહારોની સુવિધા પર પણ પ્રતિબંધ. કાયદાના ભંગ બદલ કડક સજાની જોગવાઈ છે. ઓનલાઈન મની ગેમ્સ ઓફર કરવા બદલ 3 વર્ષ સુધીની જેલ અથવા રૂ. 1 કરોડ સુધીનો દંડ થઈ શકે છે.

# ટ્રમ્પ સરકારનો હાર્વર્ડ વિરુદ્ધ મોટો કાનૂની જંગ

વોશિંગ્ટન, તા. 20 (એપી): અમેરિકાના ન્યાય વિભાગે શુક્રવારે હાર્વર્ડ યુનિવર્સિટી વિરુદ્ધ નવો ફેડરલ દાવો દાખલ કર્યો છે. સરકારનો આરોપ છે કે યુનિવર્સિટી કેમ્પસમાં યહૂદી વિરોધી માનસિકતા ડામવામાં નિષ્ફળ રહી છે, જે નાગરિક અધિકાર કાયદાનું ઉલ્લંઘન છે. આ કાનૂની કાર્યવાહી દ્વારા સરકાર હાર્વર્ડને અપાતી ગ્રાન્ટ અટકાવવા અને અગાઉ અપાયેલી અબજો ડોલરની સબસિડી પરત મેળવવા માગે છે. પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને હાર્વર્ડ વચ્ચેનો આ વિવાદ મહિનાઓથી ચાલી રહ્યો છે. આ અગાઉ સરકારે યુનિવર્સિટીના 2.6 બિલિયન ડોલરના રિસર્ચ ફંડમાં કાપ મૂક્યો હતો અને આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓના પ્રવેશ પર રોક લગાવવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, ડિસેમ્બરમાં એક ફેડરલ જજે ફંડ કાપના નિર્ણયને રદ કરતા સરકારની દલીલોને 'ભ્રમિત કરનારી' ગણાવી હતી. રિપોર્ટ મુજબ, બંને પક્ષો વચ્ચે સમાધાન માટે વાતચીત ચાલી રહી હતી, જેમાં હાર્વર્ડે તપાસના અંત માટે 500 મિલિયન ડોલર ચૂકવવાની તૈયારી બતાવી હતી. પરંતુ પ્રમુખ ટ્રમ્પે આ રકમ વધારીને 1 બિલિયન ડોલર કરી દીધી છે. ટ્રમ્પ વહીવટીતંત્રનું માનવું છે કે હાર્વર્ડ જેવી સંસ્થાઓ ડાબેરી વિચારધારા અને પક્ષપાતનો અડ્ડો બની ગઈ છે. બીજી તરફ, કોલંબિયા યુનિવર્સિટીએ 200 મિલિયન ડોલર અને બ્રાઉન યુનિવર્સિટીએ 50 મિલિયન ડોલર ચૂકવીને સરકાર સાથે સમાધાન કરી લીધું છે, પરંતુ હાર્વર્ડ હજુ પણ આ કાનૂની લડાઈ લડવા મક્કમ છે.

## પેજ 3

# રણવીર સિંહનો 'હાઈ-વોલ્ટેજ' ડાન્સ: 'ધુરંધર 2'ની સક્સેસ પાર્ટીમાં મચાવી ધૂમ



મુંબઈ, તા. 20: બોલિવૂડના એનર્જી બોમ્બ રણવીર સિંહે ફરી એકવાર સાબિત કરી દીધું છે કે જ્યાં રણવીર હોય ત્યાં પાર્ટી ક્યારેય ફિક્કી ન હોઈ શકે! 'ધુરંધર 2'ની ગ્રાન્ડ સક્સેસ પાર્ટીમાં રણવીરે પોતાની હાઈ-વોલ્ટેજ એનર્જીથી આખી મહેફિલ લૂંટી લીધી હતી. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા વીડિયોમાં રણવીર અક્ષય ખન્નાના પોપ્યુલર ટ્રેક 'FA9LA' પર જબરદસ્ત સ્ટેપ્સ કરતો જોવા મળે છે. ચાહકો રણવીરના આ 'અનફિલ્ટર્ડ' અંદાજ પર ફિદા થઈ ગયા છે અને કોમેન્ટ્સ કરી રહ્યા છે કે, 'પાર્ટીની જાન તો રણવીર જ છે!' અક્ષય ખન્નાના સિગ્નેચર સોંગ પર રણવીરનો આ ડાન્સ ઇન્ટરનેટ પર વાયરલ થયો છે.

# પ્રેમાનંદ મહારાજના સત્સંગમાં મગ્ન રાષ્ટ્રપતિ



લખનૌ, તા. 20: ઉત્તર પ્રદેશના ત્રણ દિવસીય ધાર્મિક પ્રવાસે નીકળેલા રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ શુક્રવારે મથુરાના રાધા કેલી કુંજ આશ્રમ પહોંચ્યા હતા. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા વીડિયોમાં રાષ્ટ્રપતિ એક સામાન્ય ભક્તની જેમ મર્યાદાપૂર્વક ખુરશી પર બેસીને પ્રેમાનંદ મહારાજના પ્રવચનમાં એકચિત્તે મગ્ન જોવા મળ્યા હતા. તેમના ચહેરા પરની સ્મિત અને ભક્તિભાવે સૌનું દિલ જીતી લીધું હતું. રાષ્ટ્રપતિએ ઇસ્કોન મંદિર અને પ્રેમ મંદિરમાં લેસર શોનો આનંદ માણ્યા બાદ બાબા નીમ કરોલીની સમાધિ પર પુષ્પ અર્પણ કર્યા હતા. 21 માર્ચે તેઓ ગોવર્ધન પરિક્રમા અને દાનઘાટી મંદિરમાં આરતીમાં પણ સામેલ થશે. ભક્તિ સાથે સેવાનો સંગમ સાધતા તેમણે રામકૃષ્ણ મિશન હોસ્પિટલના નવા કેન્સર બ્લોકનું પણ ઉદ્ઘાટન કર્યું હતું.

# ફેશન ડિઝાઇનર મનીષ મલ્હોત્રાના માતાનું 94 વર્ષની વયે નિધન



મુંબઈ, તા. 20: મશહૂર ફેશન ડિઝાઇનર મનીષ મલ્હોત્રાના માતા સુદર્શન મલ્હોત્રાનું 19 માર્ચના રોજ 94 વર્ષની વયે નિધન થયું છે. તેમના અંતિમ સંસ્કાર 20 માર્ચ 2026ના રોજ મુંબઈના સાંતાક્રુઝ સ્થિત હિન્દુ સ્મશાન ઘાટ ખાતે કરવામાં આવ્યા હતા. ડિઝાઇનરની ટીમે સત્તાવાર નિવેદન જારી કરીને જણાવ્યું હતું કે તેઓએ એક લાંબુ અને સંતોષકારક જીવન જીવ્યા બાદ દુનિયાને અલવિદા કહ્યું છે. આ દુઃખદ સમાચાર મળતા જ સમગ્ર ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાં શોકની લહેર દોડી ગઈ હતી. મનીષ મલ્હોત્રાના નિવાસ્થાને શ્રદ્ધાંજલિ આપવા માટે ઐશ્વર્યા રાય, અભિષેક બચ્ચન, કિયારા અડવાણી, સિદ્ધાર્થ મલ્હોત્રા, વરુણ ધવન, કરિશ્મા કપૂર અને કરણ જોહર જેવા અનેક દિગ્ગજ સિતારાઓ ઉમટી પડ્યા હતા. આ ઉપરાંત પરિણીતી ચોપરા અને રાઘવ ચઢ્ઢાએ પણ હાજર રહીને શોક વ્યક્ત કર્યો હતો.

7 કલાક હવામાં રહ્યા બાદ દિલ્હી પરત ફર્યું

# એર ઈન્ડિયાએ ખોટું વિમાન વેનકુવર મોકલ્યું

**એ વિમાનને** તે રૂટ પર ઓપરેટ કરવાની સત્તાવાર મંજૂરી ન હતી

**શુક્રવારે** સવારે અન્ય વિમાન દ્વારા મુસાફરોને વેનકુવર મોકલવામાં આવ્યા



નવી દિલ્હી, તા. 20 (પીટીઆઈ): દિલ્હીથી કેનેડાના વેનકુવર જઈ રહેલું એર ઈન્ડિયાનું બોઈંગ 777-200 એલઆર વિમાન ગુરુવારે સાંજે સાત કલાકની ઉડાન બાદ અચાનક દિલ્હી પરત ફર્યું હતું. સૂત્રોના જણાવ્યા અનુસાર, જે વિમાન મોકલવામાં આવ્યું હતું તેને તે રૂટ પર ઓપરેટ કરવાની સત્તાવાર મંજૂરી ન હતી. કેનેડા માટેની ફ્લાઈટ્સના સંચાલન માટેની જરૂરિયાતોની યાદી અપડેટ કરવામાં થયેલી ક્ષતિને કારણે ખોટું વિમાન મોકલવામાં આવ્યું હોવાનું બહાર આવ્યું છે.

ફ્લાઈટ ટ્રેકિંગ વેબસાઈટ ફ્લાઈટ-રડાર-24.કોમ મુજબ, જ્યારે આ વિમાન ચીની હવાઈ ક્ષેત્રમાં હતું ત્યારે તેને પરત દિલ્હી વાળવાનો નિર્ણય લેવાયો હતો. એર ઈન્ડિયાએ શુક્રવારે જારી કરેલા નિવેદનમાં જણાવ્યું હતું કે, '19 માર્ચના રોજ દિલ્હીથી વેનકુવર જતી ફ્લાઈટ એઆઈ-185 ઓપરેશનલ સમસ્યાને કારણે અને સ્થાપિત પ્રોટોકોલ મુજબ દિલ્હી પરત ફરી હતી. વિમાન સુરક્ષિત રીતે ઉતર્યું હતું અને તમામ મુસાફરો તથા ક્રૂ મેમ્બર્સ સુરક્ષિત છે.'

સૂત્રોએ સ્પષ્ટ કર્યું હતું કે આ ફ્લાઈટ માટે માત્ર બોઈંગ 777-300 ઈઆર વિમાનનો ઉપયોગ થવો જોઈતો હતો, કારણ કે બોઈંગ 777-200 એલઆરને તે રૂટ પર ઉડવાની મંજૂરી મળી ન હતી. વિદેશી ગંતવ્ય સ્થાનો માટે દરેક દેશના નિયમો મુજબ અલગ-અલગ મંજૂરીઓની જરૂર હોય છે. એર ઈન્ડિયાએ ઉમેર્યું હતું કે શુક્રવારે સવારે અન્ય વિમાન દ્વારા મુસાફરોને વેનકુવર મોકલવામાં આવ્યા હતા.

# કિમ જોંગ ઉનની પુત્રી ટેન્ક ચલાવતી દેખાઈ



સેઉલ: ઉત્તર કોરિયાના તાનાશાહ કિમ જોંગ ઉન અને તેમની પુત્રી ફરી એકવાર લશ્કરી અંદાજમાં જોવા મળ્યા છે. તાજેતરની સૈન્ય ડ્રિલ દરમિયાન, 13 વર્ષની કિમ જુ એ જ્યારે ઓલિવ ગ્રીન ટેન્ક ચલાવી રહી હતી, ત્યારે તેના પિતા કિમ જોંગ ઉન પોતે તે ટેન્કની ઉપર હસતા મુખે બેઠેલા જોવા મળ્યા હતા. સ્ટેટ મીડિયા દ્વારા જાહેર કરાયેલા વીડિયોમાં સ્પષ્ટ દેખાય છે કે કિમ જોંગ ઉન ત્રણ સૈનિકો સાથે ટેન્કની ઉપર સવાર છે અને તેમની પુત્રી ડ્રાઈવરની સીટ પરથી ટેન્ક દોડાવી રહી છે. નિષ્ણાતોનું કહેવું છે કે આ રીતે પિતાની હાજરીમાં પુત્રીનું ટેન્ક ચલાવવું એ માત્ર સૈન્ય તાલીમ નથી, પરંતુ તેને દુનિયા સામે કિમના વારસદાર તરીકે રજૂ કરવાનો એક મજબૂત સંકેત છે.


વિના મૂલ્યે હર્નિયા-ઓબેસિટી (બેરિયાટ્રીક) સર્જરી તપાસ શિબિર
તા. ૨૩-૦૩-૨૦૨૬ થી ૨૮-૦૩-૨૦૨૬
સવારે ૧૦.૦૦ થી બપોરે ૧.૦૦ સુધી

હર્નિયાના લક્ષણ
• પેટ દર્દ • પેટમાં સોજા જેવું • ઉલ્ટી થવી
• સોજો અને આકાર વધવાના કારણે દુઃખાવો
• પહેલા થયેલ સર્જરીના નિશાનમાં સોજો

હર્નિયાના કારણો
• જાડાપણું • સતત ખાંસી • જન્મથી
• પેશાબમાં તકલીફ • તે જગ્યા પર અગાઉ થયેલ ઓપરેશન

મેદસ્વિતા થવાના મુખ્ય કારણો
શારીરિક પરિશ્રમનો અભાવ, લિફ્ટ અને વાહન આધારિત જીવનશૈલી, તાત્કાલિક, પ્રોસેસ્ડ અને તળેલો ખોરાક, મીઠાં પીણાં અને જંક ફૂડનો વધુ ઉપયોગ, અપૂરતી ઊંઘ અને વધતો તણાવ.

amruta Hospital
ડૉ. જયેશ કોઠારી દ્વારા હર્નિયા તથા ઓબેસિટી (બેરીયાટ્રીક) સર્જરી વિશે સમજ આપવામાં આવશે.

24 x 7 ઈમરજન્સી તથા એમ્બ્યુલન્સ સર્વિસ | પાઈલ્સ લેઝર અને સ્ટેપ્લર સર્જરી | આઈ.સી.યુ., વેન્ટીલેટર સુવિધા

અમૃતા હોસ્પિટલ, બીજો માળ, રાજ કોમ્પલેક્ષ, ઉમા ભવન પાસે, ભટાર રોડ, સુરત
Ph : 0261-2244979 Mo : 8200114320



21st CENTURY FERTILITY CENTRE

નિઃસંતાન દંપત્તિ માટે નિઃશુલ્ક કેમ્પ

હવે કોઈ નિઃસંતાન કેમ રહે ?

40 વર્ષના અનુભવ સાથે મળશે વ્યંધત્વનું નિવારણ

તારીખ : 23 થી 31 માર્ચ, 2026
સમય : સવારે 10 થી સાંજે 06 વાગ્યા સુધી
ફ્રી રજીસ્ટ્રેશન અને એપોઈન્ટમેન્ટ માટે :
0261-2490190, 2492190



ડૉ. પૂજા નાડકર્ણી સિંહ
ગાયનેકોલોજીસ્ટ અને IVF સ્પેશિયાલિસ્ટ

IVF પેકેજ ઉપર 50% સુધીની રાહત

છેલ્લા 19 વર્ષમાં 25,000 થી વધુ સફળ ટેસ્ટ ટ્યુબ બેબીઝ

કયા દંપતીઓ લાભ લઈ શકે છે ?
• ઓછા શુક્રાણુ • શુક્રાણુઓની ધીમી ગતિશીલતા • શુન્ય શુક્રાણુ • ખરાબ ગુણવત્તા
• બંધ ટ્યૂબ્સ • વારંવાર IUI માં નિષ્ફળતા • ઈંડામાં ખરાબી • અનિયમિત માસિક • ગર્ભાશયમાં ગાંઠ હોવી • થાયરોઈડની તપાસ • લોહીના ટકાની તપાસ • સોનોગ્રાફી રાહત દરે કરી આપવામાં આવશે. • ગર્ભાશયના મુખના કેન્સરની મફત તપાસ

ડો. પૂર્ણિમા નાડકર્ણી મેડિકલ ફાઉન્ડેશનના નેજા હેઠળ છેલ્લા 3 વર્ષમાં 150 ગરીબ મહિલાઓએ માતૃત્વનું સુખ પ્રાપ્ત કર્યું.

સ્થળ : 51/બી, દાવર પ્લાઝા, સવેરા હોટેલ નજીક, સ્ટેશન રોડ, સુરત-395003.

• કેમ્પમાં આવેલ દર્દીઓને IVFની સારવારમાં સ્પેશિયલ ડિસ્કાઉન્ટ • અગાઉના કેસ પેપર્સ સાથે લઈને આવવા વિનંતી

www.nimaaya.com
nadkarnihospital@yahoo.com



